નોટિસ પેપર ભાગ–૧
વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું સત્ર
બુધવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૨૬

વૈધાનિક સંકલ્પો સિવાયના બિન–સરકારી સભ્યોના સંકલ્પોઃ–

બિન સરકારી સંકલ્પો (શુક્રવાર, તા.૧૩–૦૩–૨૦૨૬)ના રોજ ચર્ચા માટે હાથ પર લેવાના સંકલ્પો.

(૧) માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીનો સંકલ્પ

"સોમનાથ" શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતના આત્માની શાશ્વત ઘોષણા છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્ત્રોતમાં ભારતભરના ૧૨ જ્યોતિર્લિંગનો ઉલ્લેખ છે, જેમાં "સૌરાષ્ટ્રે સોમનાથં ચ" એટલે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથ આદિકાળથી માનવ સભ્યતાનું પ્રતીક છે. સોમનાથ મંદિર ભારતની આધ્યાત્મિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહરનું પ્રતીક છે. અનેક આક્રમણો છતાં મંદિરનું વારંવાર પુનઃનિર્માણ ભારતીય સંસ્કૃતિની અતૂટ આસ્થાનું જીવંત પ્રતીક છે.

સોમનાથ મંદિર પર થયેલ પ્રથમ આક્રમણ ઈ.સ. ૧૦૨૬ને વર્ષ ૨૦૨૬માં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે. ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ સોમનાથ મંદિરના પુન:નિર્માણનો સંકલ્પ લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા કરવામાં આવેલ. તા.૧૧મી મે, ૧૯૫૧ના રોજ દેશના તત્કાલિન રાષ્ટ્રપતિ માનનીય ડૉ.રાજેન્દ્રપ્રસાદજીના કરકમલો દ્વારા મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા. ચાલુ વર્ષે મંદિરના પુન:નિર્માણ અને લોકાર્પણને ૭૫ વર્ષ પૂર્ણ થયેલ છે. આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે "સોમનાથ સ્વાભિમાન પર્વ – અતૂટ આસ્થા" નામે રાષ્ટ્રીય સ્તરે વર્ષભર ઉજવણી કરવાનો નિર્ણય ભારત સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

તાજેતરમાં જાન્યુઆરી માસમાં સોમનાથ ખાતે "સોમનાથ સ્વાભિમાન પર્વ– અતુટ આસ્થાના ૧૦૦૦ વર્ષ"નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ઉપસ્થિત રહ્યા હતા.

આ પર્વમાં ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદ અને ભજન થકી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્ય બન્યું હતું. આ દરમ્યાન લાખોની સંખ્યામાં ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. વિવિધ કલાકારો સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.

સોમનાથ સ્વાભિમાન પર્વ કે જે ભારતની અતૂટ આસ્થા, સાંસ્કૃતિક સ્વાભિમાન અને ઐતિહાસિક ચેતનાનું રાષ્ટ્રીય અભિયાન બનેલ છે, તેને આપણે સૌ ગૌરવભેર વધાવીએ અને દેશભરમાં આધ્યાત્મિક એકતા, સાંસ્કૃતિક ગૌરવની ભાવના ફેલાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(૨) માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલનો સંકલ્પ

વિકસિત ભારત–ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) યોજના, જેને VB–G RAM G તરીકે ઓળખવામાં આવે છે. આ યોજના ૨૦૨૫માં પસાર થયેલા કાયદા હેઠળ અમલમાં આવી છે અને તે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા (MGNREGA)ના સ્થાને ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને આજીવિકાને વધુ મજબૂત બનાવવા માટે અમલમાં લાવવામાં આવી છે. અમારી સરકારના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ આ યોજના ગ્રામીણ ભારતને સશક્ત અને સ્વાવલંબી બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

VB–G RAM G યોજના હેઠળ ગ્રામીણ પરિવારોને વાર્ષિક ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી આપવામાં આવી છે, જે MGNREGAના ૧૦૦ દિવસ કરતાં વધુ છે. આનાથી ગ્રામીણ કામદારોને વધુ આવક અને આર્થિક સુરક્ષા મળશે. આ યોજના હેઠળ જો કોઈ વ્યક્તિને રોજગારની માગ કર્યા પછી ૧૫ દિવસમાં કામ ન મળે તો રાજ્ય સરકાર દ્વારા તેવી વ્યક્તિને બેરોજગારી ભથ્થું આપવું ફરજિયાત છે, જે કામદારોના અધિકારોને સુરક્ષિત કરે છે.

આ યોજના હેઠળ કામના પ્રકારોને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે: જળ સુરક્ષા, મુખ્ય ગ્રામીણ અવસંરચના, આજીવિકા સંબંધિત સંપત્તિઓ અને વાતાવરણીય સ્થિરતા. આનાથી ટકાઉ અને ઉપયોગી સંપત્તિઓનું નિર્માણ થશે. જેમ કે, જળાશયો, રસ્તાઓ, પુલો અને વન આધારિત પ્રોજેક્ટ્સ. વધુમાં, ખેતીની મોસમ જેમ કે વાવણી અને કાપણીના સમયમાં વિક્ષેપ ન પડે તે માટે ૬૦ દિવસના સામુદાયિક 'નો–વર્ક પિરિયડ'ની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ પૂર્વોત્તર અને હિમાલયી રાજ્યોમાં આને અપવાદ આપવામાં આવ્યો છે.

નાણાકીય જોગવાઈની વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કામદારોને ચૂકવવાના વેતન માટે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ૬૦:૪૦નો ગુણોત્તર અપનાવવામાં આવ્યો છે, જ્યારે પૂર્વોત્તર અને હિમાલયી રાજ્યોમાં કેન્દ્ર ૯૦ ટકા ભાગની ચૂકવણી કરશે. આનાથી રાજ્યોને વધુ જવાબદારી મળશે અને ફંડનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે. ગ્રામ પંચાયતો અને ગ્રામ સભાને આયોજનમાં વધુ અધિકાર આપવામાં આવ્યા છે, જેથી સ્થાનિક જરૂરિયાતો અનુસાર કામનું આયોજન થાય.

આ યોજના MGNREGA કરતાં વધુ આધુનિક અને વિકાસલક્ષી છે. તેમાં ફક્ત રોજગાર જ નહીં, પરંતુ ટકાઉ વિકાસ, સમાવેશી વૃદ્ધિ અને અન્ય સરકારી યોજનાઓ સાથેના જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખાસ કરીને આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં તેનાથી મોટો લાભ થશે. દા.ત. વન ઉત્પાદનોના વેચાણ અને ઇકો–ટુરિઝમ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા આજીવિકાના સ્ત્રોત વધશે.

આમ સમગ્ર રીતે જોતાં, VB–G RAM G યોજના ગ્રામીણ ભારતને સશક્ત બનાવીને દેશને વિકસિત બનાવવાના સ્વપ્નને સાકાર કરશે. આથી આ યોજનાના અમલીકરણ માટે જરૂરી હોય તેવા તમામ પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.